# વરણની દષ્ટિએ જઘન્યાધિકારવિચાર

અસિત શાહ

## ઉપક્રમ

ગ્રંથ પુષ્ટિપ્રવાહમર્યાદાનું અવગાહન કરતાં એ સ્પષ્ટ થાય છે કે જો વરણની દષ્ટિએ અધિકારવિચાર ઉદ્દેશ હોય તો રુચિ તેનું કાર્યલક્ષણ છે અને નિષ્ઠા તેની પરીક્ષા છે. સક્ષમ પ્રમાણોપન્યાસપૂર્વક આ પ્રમેય પ્રસ્થાપિત કરેલ છે કે વરણને આધારે જીવોમાં વૈવિધ્ય છે જ.

જીવવરણ કરતી ઘડીએ પ્રભુ વરણને અનુરૂપ રુચિ તે તે જીવમાં સ્થાપિત કરે છે. તેથી જીવો રુચિતન્ત્ર છે. જન્મવરણ, માર્ગવરણ, સાધનવરણ, વ્યાપારવરણ, ફલવરણ વગેરે રુચિને અનુરૂપ હોય છે. વચ્ચે તેમાં જેમ પુષ્ટિજીવને હીનયોનિ કે હીનકુલમાં જન્મ કે હીનસંગ પ્રાપ્ત થાય તેથી રુચિ વિકૃત નથી થઈ જતી. થોડું વ્યવધાન થાય એટલું જ.

## ચર્ષણીજીવવિચાર

મહદંશે જીવો આવા રુચિતન્ત્ર જ હોય છે. ચર્ષણીજીવો તેમાં અપવાદ છે. તેઓ રુચિતન્ત્ર ન હોઈને સ્વતન્ત્ર હોય છે; ''રુચિસ્તેષાં ન કુત્રચિત્.'' તેથી તેઓ ક્યાંય ઠરીઠામ ન થઈને પરિભ્રમણ કરતા રહે છે આ માર્ગથી તે માર્ગમાં. આ જ તેમની નિયતિ છે. પરિભ્રમણમાં જ તેઓના સાધન-વ્યાપાર-ફલ આવી ગયા. તેમના વરણનું કાર્યલક્ષણ આ પરિભ્રમણ જ છે. ન તેમને બહુ વિચારવાનું રહે છે ન તેમની બાબતમાં પ્રભુને. તો શા માટે શ્રીમહાપ્રભુજી કે આપણે ય બહુ વિચારવું ! ક્યાંક આપણે ય રુચિ વિનાના ચર્ષણી તો નથી તેટલું ચોક્કસ વિચારી આગળ વધીએ. અકબર વગેરે આવા ચર્ષણીજીવો છે.

આમ આ સૃષ્ટિનો નિયમ જોતાં રુચિ ન હોવી એક અભિશાપ છે જીવ માટે. જેમ ભૂંજેલું ધાન વાવતાં કાંઈ ઊગી નિકળતું નથી તેમ રુચિવિનાના જીવમાં કાંઈ ઊગી નિકળતું નથી. તેમને કોઈ માર્ગમાં જોતરવા તે પથ્થર પર પાણી છે. તેમની આ અપાત્રતા મારા મતે તેમને નિન્દિત જઘન્યતમ અને તેથી જ અનધિકારી ઠેરવે છે.

## પ્રવાહીજીવવિચાર

તેમને બાદ કરતાં બધા જીવોમાં વરણનું કાર્યલક્ષણ રુચિ પ્રકટ જણાય છે. રુચિતન્ત્ર જીવો પૈકી પ્રવાહીજીવો આસુરીજીવો હોય છે. તેમની રુચિ આસ્તિકતાથી જોજનો દૂર હોય છે. કાલપ્રવાહમાં જ તેઓ વહેતા રહે છે; શું દુર્જ્ઞ જીવો કે શું અજ્ઞ જીવો. તેમને ન તો ભરોસાપાત્ર પ્રમાણ ઉપલબ્ધ હોય છે ન પ્રમેય, ન સાધન કે ન ફલ. ન પ્રવૃત્તિમાં તેમને કાંઈ ગતાગમ પડે છે ન નિવૃત્તિમાં. તેથી સાધન-વ્યાપાર-ફલ પણ તેમના જેવા જ કાલપ્રવાહસ્થ હોય છે. આથી બન્ને પ્રકારના પ્રવાહીજીવો નિન્દિત જઘન્યતર અને તેથી જ અનધિકારી છે.

## મર્યાદાજીવવિચાર

દૈવીજીવોમાં પ્રથમ મર્યાદાજીવો ધાર્મિકસાધનરુચિ ધરાવતા હોવાથી વૈદિક-પૌરાણિક-તાન્ત્રિક સાધનોમાં તેમની નિષ્ઠા હોય છે. શાસ્ત્રીય પ્રમાણો અને પ્રમેયો તેમને અવગત હોય છે. તે તે શાસ્ત્રોક્ત સાધનાનુષ્ઠાનને અનુરૂપ ફળ પણ તેમને મળે જ છે. તેમાં જીવના પ્રકાર કેટલા તે સ્પષ્ટ નથી. જોકે સાંખ્ય-યોગ-કર્મ-જ્ઞાન-ઉપાસનાદિ માર્ગો કે બત્રીસ બ્રહ્મવિદ્યા વગેરે વિસ્તારને જોતાં તેમના સાધનોમાં અપાર વિવિધતા અને તેને અનુરૂપ વ્યાપાર તથા આલોક-પરલોકસંબંધી ફલમાં વિવિધતા માનવામાં કોઈ આપત્તિ નથી.

પુષ્ટિમાર્ગની દષ્ટિએ તેઓ નિન્દિત નથી. સર્વથા અપ્રશસ્ત પણ નથી. કેવળ તેમની સાધનનિષ્ઠાનો અતિરેક નિન્દ્ય છે. આ અતિરેક સ્વયં તેમને જઘન્ય ન હોવા છતાં અનધિકારી ઠેરવે છે. જો કે સિધ્ધાન્તમુક્તાવલીના ''ઉભયોસ્તુ ક્રમેણૈવ પૂર્વોક્તૈવ ફલિષ્યતિ'' વચનની ટીકામાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે તેમ જો પ્રભુ તેવા મર્યાદાજીવોનું પુષ્ટિજીવ તરીકે પુનર્વરણ કરે તો તેઓ અધિકારી બની શકે છે. આ પરન્તુ અપવાદની વાત છે, નિયમની નહીં.

## પ્રભેદસહ પુષ્ટિજીવવિચાર

પુષ્ટિજીવોનું આગવું લક્ષણ તેમની ભગવદ્દ્રૂપસેવનરુચિ છે. તે પૈકી શુધ્ધપુષ્ટિજીવો પ્રેમયુત પૂર્ણભાવ ધરાવનારા હોઈ તેમની અધિકારિતામાં કાંઈ કહેવાપણું નથી હોતું. મિશ્રપુષ્ટિજીવો તેમનાથી ન્યૂન સર્વભાવ ધરાવનારા હોય છે. તેમના પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ કૃપાથકી સંપન્ન થઈ રહે છે. તે પૈકી પુષ્ટિપુષ્ટિજીવો ઉત્તમ સર્વજ્ઞ, મર્યાદાપુષ્ટિજીવો મધ્યમ ગુણજ્ઞ અને પ્રવાહપુષ્ટિજીવો અધમ/જઘન્ય ક્રિયારત વર્ણવેલ છે. નિબન્ધની કારિકાઓમાં ''એવં સર્વં તતઃ સર્વં સ ઇતિ જ્ઞાનયોગતઃ યઃ સેવતે હરિં પ્રેમ્ણા શ્રવણાદિભિરુત્તમઃ''થી પુષ્ટિપુષ્ટિજીવો, ''પ્રેમાભાવે મધ્યમઃ સ્યાદ્ જ્ઞાનાભાવે તથાદિમઃ''થી મર્યાદાપુષ્ટિજીવો અને ''ઉભયોરપ્યભાવે તુ પાપનાશઃ તતો ભવેત્''થી પ્રવાહપુષ્ટિજીવોનો નિર્દેશ હોય તેવું મને લાગે છે.

સિધ્ધાન્તમુક્તાવલીમાં ''તથા કૃષ્ણં પરં બ્રહ્મ સ્વસ્મિન્ જ્ઞાની પ્રપશ્યતિ, શ્રીકૃષ્ણમાર્ગસ્થો વિમુક્તઃ સર્વલોકતઃ, આત્માનન્દસમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્''વચનોમાં પુષ્ટિપુષ્ટિજીવોનો નિર્દેશ છે તથા ''જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી તિષ્ઠેત્ પૂજોત્સવાદિષુ મર્યાદાસ્થસ્તુ ગંગાયાં શ્રીભાગવતતત્પરઃ''માં મર્યાદાપુષ્ટિજીવોનો નિર્દેશ છે. ''સંસારી યસ્તુ ભજતે સ દૂરસ્થો યથા તથા અપેક્ષિતજલાદીનામભાવાત્ તત્ર દુઃખભાક્, ક્લિષ્ટોપિ ચેત્ ભજેત્ કૃષ્ણં લોકો નશ્યતિ સર્વથા''માં પ્રવાહપુષ્ટિજીવોનો નિર્દેશ છે. તેઓમાં પણ અપવાદરૂપે કોઈ સ્વલ્પ પણ જાણકારી ન ધરાવનારાનો ''લોકાર્થી ચેત્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા''વચનમાં નિર્દેશ છે એમ શ્રીગુસાંઈજીની ટીકાના આધારે જણાય છે. તેમની જ અવગતિ ''ભક્ત્યભાવે તુ તીરસ્થો યથા દુષ્ટૈઃ સ્વકર્મભિઃ અન્યથાભાવમાપન્નઃ તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ''માં વર્ણવાઈ છે.

આ તબક્કે પરીક્ષા સ્પષ્ટ થાય છે. કેમકે કરે તો બધા કૃષ્ણભજન જ છે પણ નિષ્ઠા વેગળી છે. ક્યાં તો કાપટ્યથી લૌકિક-વૈદિક કૃતિ   અને સહજ વૈષ્ણવત્વ અને ક્યાં સહજ લોકાર્થિતા અને કાપટ્ય=અન્યથાભાવથી વૈષ્ણવત્વ ! શ્રીહરિરાયજી તેથી જ વંચકના લક્ષણો બતાવે છે.

રુચિ જો સ્વરૂપયોગ્યતા હોય તો નિષ્ઠા ફલમુખયોગ્યતા છે. જ્યાં નિષ્ઠા હોય ત્યાં રુચિ હોવાની પણ જ્યાં રુચિ હોય ત્યાં નિષ્ઠા આવશ્યક નથી.

ઉપદેશવિચાર

હવે ઉપદેશનો વિચાર કરીએ. આજકાલ એવી ભ્રામક માન્યતા ફેલાવાય છે કે તનુવિત્તજા સેવા વગેરે યથોપદિષ્ટ સાધનો મધ્યમ અને ઉત્તમ એવા પુષ્ટિપુષ્ટિ તેમ જ મર્યાદાપુષ્ટિ જીવોએ જ કરવાના છે. પ્રવાહપુષ્ટિજીવો જઘન્ય કક્ષાના હોઈ તેમાં અનધિકારી હોઈ તેમણે ચર્ષણીજીવવત્ હવેલીઓ-સપ્તાહો-પરિક્રમાઓમાં પરિભ્રમણ જ કરવાનું હોય ! આવું પરન્તુ સિધ્ધાન્તમુક્તાવલીની એકે ય ટીકામાં નથી લખ્યું ! આ તો કોઈ શાખાઓ પર અધ્ધરતાલ પરિભ્રમણશીલ વાનરસમ મનની જ ઉપજાવેલ વાતો છે.

''સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્ યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ'' તથા ''ઉભયોરપ્યભાવે તુ પાપનાશો તતઃ ભવેત્'' વચનાનુસાર તેમ જ ''યદા બહિર્મુખા યૂયં ભવિષ્યથ કથંચન તદા કાલપ્રવાહસ્થા દેહચિત્તાદયોપ્યુત સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માનિતિ મતિર્મમ''વચનના આશયને સમજતાં સ્પષ્ટ છે કે સાધનોપદેશમાં પ્રાથમિક કક્ષામાં કોઈ પ્રભેદ છે જ નહીં; ''ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્''. પ્રવાહપુષ્ટિજીવ શું પુષ્ટિજીવ નથી ? તેથી સાધનામાં અપ્રવૃત્તિને આધારે વરણનું અનુમાન ન કરાય, માર્ગરુચિ આધાર હોવો જોઈએ.

પ્રવાહપુષ્ટિ-મર્યાદાપુષ્ટિ-પુષ્ટિપુષ્ટિના પ્રભેદને એક શાળાના વિદ્યાર્થીઓના દષ્ટાન્તથી સમજીએ. કેટલાક વિદ્યાર્થી હોશિયાર હોય છે તો કેટલાક સરેરાશ તો કેટલાક ઠોઠ. વળી કેટલાક ગણિત-વિજ્ઞાનમાં વધારે માર્ક લાવે છે તો કેટલાક ભાષાઓમાં તો કોઈક રમતગમત કે કળાઓમાં. પરન્તુ મેટ્રિક સુધી તેઓનો અભ્યાસક્રમ એકસરખો જ રહે છે, બધાને બધા વિષયો ભણવાના રહે જ છે. આવું જ અદઢબીજભાવવાળા જીવોનું છે. તેમને સેવા-કથાપરાયણ થવાનું રહે જ છે; ચાહે હોશિયાર પુષ્ટિપુષ્ટિજીવ હોય કે ઠોઠ પ્રવાહપુષ્ટિજીવ યા તો સરેરાશ મર્યાદાપુષ્ટિજીવ. સ્વયં સેવાકથાપરાયણ ન થનારાઓ સાર્વજનિક હવેલીઓ-સમાહો રૂપ તથાકથિત, પણ અભ્યાસક્રમ વિનાની, નિશાળના રખડેલ નિશાળિયા માત્ર થઈને રહી જાય છે.

જેમ વિદ્યાર્થીઓની સુવિધામાટે સવારની, બપોરની તથા રાત્રિશાળા હોય છે તથા છાત્રાલયવાળી નિવાસી શાળા

(રેસિડેન્ટ સ્કૂલ) હોય છે તેમ પુષ્ટિજીવોને ભજન કરવાની પારિવારિક, આર્થિક, ગૃહાદિની ઉપલબ્ધ સુવિધાને અનુરૂપ સેવા-કથાપ્રકાર ભક્તિવર્ધિની આદિ ગ્રંથોમાં ઉપદેશેલ છે. અવ્યાવૃત્ત હો કે વ્યાવૃત્ત, સ્વગૃહમાં રહો કે હરિસ્થાનમાં કે શૂન્યદેવાલય સમીપ, સ્વસમાનશીલવ્યસન વૈષ્ણવોના સંપર્કમાં રહો કે ગ્રંથોના અવગાહનદ્વારા સંપર્કમાં; ભજનનો અભ્યાસક્રમ ચાલુ રાખવો રહ્યો. આમાં સ્પષ્ટ છે કે ''અલ્પં બહુ વા ન પ્રયોજકં, સેવનં સ્વયોગ્યાનુસારેણ.'' રુચિ અને નિષ્ઠા કાયમ રહે તે મુખ્ય છે. એક સપ્તાહ રોજ છ કલાક ભાગવતકથાના લેખે વર્ષની દસેક કથાઓ કરનારા ને તે સિવાયના સમયમાં શ્રમિત થઈ પોઢી રહેનારા સસલાઓ કરતા રોજ એક કલાક નિયમથી રુચિથી ગુણગાન કરનારા નિષ્ઠાશીલ કાચબા સારા.

''નિષ્ઠા ચ સાધનૈરેવ ન મનોરથવાર્તયા.'' જો ભજનથી વંચિત રહ્યા તો કાલપ્રવાહ ગ્રસી જાય છે. ''અયમેવ મહામોહો હીદમેવ પ્રતારણં યત્કૃષ્ણં ન ભજેત્ પ્રાજ્ઞ: શાસ્ત્રાભ્યાસપર: કૃતી તેષાં કર્મવશાનાં હિ ભવએવ ફલિષ્યતિ.'' તેથી ઉત્તમ હોય કે મધ્યમ હોય કે જઘન્ય, જો જીવ પુષ્ટિનો ને અધિકારી છે તો તેણે ભજન રુચિથી નિષ્ઠાથી આજીવન જનમોજનમ કરવાનું છે જ.

## સાંપ્રદાયિક જઘન્યાધિકારવિચાર

આટલા સ્પષ્ટીકરણ પછી વિચારવાનું સીમિત રહે છે કે જઘન્ય પુષ્ટિજીવ કોણ ને કેવો તથા તેની પરીક્ષા કરવાની કસોટી શું ? જે માહાત્મ્યજ્ઞાન અને સ્નેહથી મહદંશે રહિત હોવા છતાં રુચિથી અને નિષ્ઠાથી કાપટ્ય વિના ક્રિયાત્મિકા પણ સેવા-કથા આજીવન કરતો રહે છે તે જઘન્ય એવો પ્રવાહપુષ્ટિજીવ છે.

પરીક્ષા જીવવરણ ઉપરાંત જન્મવરણને પણ આવરી લે છે. કેમકે જે જન્મમાં ભજનનું નૈરન્તર્ય બન્યું રહે તે જન્મમાં જ તેની નિષ્ઠા પરખાય. જે નિરન્તર ન કરી શકે તેને આશ્વાસનરૂપે કહેલ છે કે ''ખંડશ: ક્રિયમાણા ભક્તિ: અન્તિમજન્મનિ ફલં જનયતિ''. ભજનમાં આમ તો જીવમાત્ર અધિકારી છે ''અકામો સર્વકામો વા મોક્ષકામો...''. પણ આપણી સામ્પ્રદાયિક સુનિશ્ચિત વ્યવસ્થા મુજબ કેવળ પુષ્ટિજીવને જ માર્ગરુચિ છે તેની ખાતરી કરી તેનું વરણ થયેલ જાણી માર્ગમાં પ્રવેશ આપવાનો હોય છે.

ઘણા એવો સવાલ કરે છે કે અધિકારનો વિચાર અને પરીક્ષા કરવાની જરૂર જ શું ? હવેલી કે સપ્તાહમાં આવી ચઢ્યો તેથી દૈવી માનીને વિચારમાં સમય બગાડ્યા વિના તેને મૂંડી જ લેવો ! પણ સવાલ એ છે કે સંપ્રદાય ચલાવવો છે કે ધરમશાળા ? લોકશાહી પક્ષો પણ પક્ષમાં પ્રવેશ આપવામાં પક્ષની પ્રતિષ્ઠા ન જોખમાય તેવો વિવેક વાપરે છે આજકાલ. તો શું આપણે શ્રીઆચાર્યચરણની પ્રતિષ્ઠા જોખમાય તેવા કુકર્મોથી દૂર ન રહેવું ? એક વચનામૃતકાર આચાર્યશ્રી આજ્ઞા કરતા કે વૈષ્ણવો તમે દુ:સંગ ન કરતા કેમકે અમને તો તમારો જ સંગ છે ! તેથી અનધિકારી જીવોને સંપ્રદાયમાં જો લાવતા ગયા તો દુ:સંગ જ વધશે. સરવાળે ''અવિચારિતદાનેન સ્વયં દાતા વિનશ્યતિ''.

## દષ્ટાન્તવિચાર

હવે વાર્તાઓના અવગાહનને આધારે પ્રવાહપુષ્ટિજીવોને સમજવાનો પ્રયાસ કરીએ. ચૌરાસી વૈષ્ણવોની વાર્તા જોઈએ તો ગોવિન્દદાસ ભલ્લા, રામાનંદ પંડિત અને નારાયણદાસ ભાટ આવા જઘન્યકક્ષાના પ્રવાહપુષ્ટિજીવો હોય તેમ જણાય છે. તેમનામાં આજીવન ક્રિયારતતા દેખાય છે પણ જ્ઞાન તથા પ્રેમનો અભાવ જણાય છે. ક્યારેક શ્રીઆચાર્યાજ્ઞાના ઉલ્લંઘનનો અપરાધ પણ તેથી થયેલ છે. ગોવિન્દદાસ ભલ્લામાં અત્યાગ્રહપ્રવેશ થતાં શ્રીઠાકોરજીને પરિશ્રમ થતાં શ્રીમહાપ્રભુજીએ પધારી તેમની સેવા છોડાવડાવી. તો રામાનંદ પંડિતમાં વૈષ્ણવોનો અનાદર જોઈ તેમનો શ્રીમહાપ્રભુજીએ ત્યાગ કર્યો અને તેમની ભગવદીયજીવનચર્યા આપોઆપ છૂટી ગઈ. નારાયણદાસ ભાટને શ્રીમહાપ્રભુજીએ સ્મરણમાત્રમાં પ્રવૃત્ત કરેલ, પછીથી શ્રીગોપીનાથજીએ નિજેચ્છાથી પ્રાપ્ત થયેલ ભગવદ્સ્વરૂપ તેમને સેવાર્થ પધરાવી આપ્યું. વિસ્તારભયે અહીં બસોબાવન વૈષ્ણવોના દષ્ટાન્ત નથી પ્રસ્તુત કર્યા.

અંતમાં ''સર્વથા ચેદ્ હરિકૃપા ન ભવિષ્યતિ યસ્ય હિ તસ્ય સર્વમશક્યં સ્યાત્ માર્ગેસ્મિન્ સુતરામપિ'' મુજબ કૃપા વિના સિધ્ધિ નવ થાય.

સાંપ્રદાયિક પુષ્ટિભજનમાં અનધિકારી મર્યાદાજીવોને ઉપદેશનો વિચાર

પ્રવાહપુષ્ટિથી હીન કક્ષાના જીવો માટે આપણે ત્યાં શરણમાર્ગની રીતિ પ્રકટ કરેલ છે – ''એવમાશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતં કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુ:સાધ્યા ઇતિ મે મતિ:''. તેમાં ય આજીવન કરવાનું તો ઘણું બધું રહે જ છે ! ફરક એટલો કે મર્યાદામાર્ગ   કૃષ્ણાશ્રય ગ્રંથમાં વર્ણવેલ છે તેમ પ્રાયશઃ ઉખડી ગયેલ જાણી તેમાં ઉધ્ધારનું સામર્થ્ય નિવૃત્ત થયેલ જાણી ભગવદાશ્રિત થઈ કાયા-વાણી-મનને આસુરાવેશથી બચાવવાના રહે છે, ચાહે ઘરમાં રહો કે તીર્થાટન કરો. શ્રીગોપીનાથજી તેમાં ય દાસ્ય પર્યન્તની સપ્તવિધ ભક્તિ કરવાનું ઉપદેશે છે, ભલે પુષ્ટિભક્તિની રીતિથી નહીં.

આ માટે નામદીક્ષા લેવાની રહે છે. આવી દીક્ષા બ્રહ્મસંબંધદીક્ષા લેનારાના પુષ્ટિભક્ત્યનધિકારી પરિવારજનોને અપાયાનો ઇતિહાસ છે. વળી ચાચા હરિવંશજી આદિ અનેક વૈષ્ણવોને તેવી દીક્ષા બીજાઓને આપવાનો અધિકાર પણ શ્રીઆચાર્યચરણોએ આપેલ હતો. આમાં એક પ્રકારનું સંતુલન જળવાઈ રહેલ, કે પરિવારના સ્તરે ભક્તિની પરંપરા અખંડિત રહે અને છતાંય અનધિકારી જીવ પુષ્ટિભક્તિ ન કરવા લાગે. ભક્તિના નહીં તો કમસે કમ શરણાગતિના તાંતણે પરિવાર બંધાયેલ રહે.

કાળક્રમે પરિવારના વડીલો દીક્ષાદાતા અને ગ્રહીતા પર જોરજુલમ કરી, બ્રહ્મસંબંધ લે તેના હાથનું જ ખાનપાન કરીશું તેવી હઠવશાત્, બધાને બ્રહ્મસંબંધ લેવડાવવા મંડ્યા. તેમાં દીક્ષાની ગરિમા નષ્ટ થઈ ને માર્ગ અળખામણો થઈ પડ્યો. પરિવાર જોહુકમીના તાંતણે બંધાયેલ રહી ગયો ને અરુચિ જ વધી.

સંપ્રદાયના ઉજ્જવળ ભવિષ્ય માટે સૂચનો

લોકપ્રિયતાના ભોગે પણ સ્પષ્ટવક્તા બનવું રહ્યું. વ્યક્તિગત સ્તરે રુચિનું પરીક્ષણ કરી પછી જ નામદીક્ષા કે બ્રહ્મસંબંધદીક્ષા આપવાનો નિયમ રાખવો. જે જીવ જેનો અધિકારી ન જણાય તેને તેની અપાત્રતા સ્પષ્ટ જણાવવી રહી.

દીક્ષા લઈ/આપીને છૂટા ન થઈ જતાં નિષ્ઠા વધે તેના પર ધ્યાન આપવું. દૈનિક આજીવન નભી શકે તેવી યથાયોગ્ય સેવા-કથામય ભજનરીતિ કે સપ્તવિધભક્તિમય શરણરીતિમાં પ્રવૃત્ત થવા/કરવા ઉદ્યમશીલ થવું રહ્યું. રુચિ જળવાઈ રહે તે ખાસ જોવું.

સાર્વજનિક દીક્ષાદાનના આયોજનો બંધ કરવાના નિર્ણયના અમલની એકતરફી ઉતાવળ કરી દેવી એ પહલે આપના લખનવી શિષ્ટાચારને વળગી રહેવાના દંભ હેઠળ શિથિલાચારના દુરાગ્રહ કરતાં સારું છે. તેથી આચાર્યો કે વૈષ્ણવોએ તેમાં પાછીપાની ન કરવી.

બુધ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ।